DRAFT

નં. પરમીટ/અમરનાથ/આયોજન/૧૬૭૫
વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી
બ્લોક નં.-૬, બીજો માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજય, ગાંધીનગર.
તારીખઃ-

16 MAR 2018

પ્રતિ,
સહાયક/પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી,
તમામ.

વિષયઃ- <u>અમરનાથ યાત્રા સંબંધિત બસ ઓપરેટરોને યાત્રાળુઓની સલામતી અને સુરક્ષા સંબંધિત સૂચનાઓ આપવા બાબત.</u>

જમ્મુ અને કશ્મીર સરકાર દ્વારા દર વર્ષે અમરનાથ યાત્રાનું આયોજન કરવામાં આવે છે. ગુજરાતમાંથી ઘણી મોટી સંખ્યામાં દર વર્ષે શ્રધ્ધાળુઓ અમરનાથ યાત્રામાં દર્શનાર્થે જતા હોય છે. ધાર્મિક શ્રધ્ધા અને આસ્થાની સાથે યાત્રાળુઓની જાહેર સલામતી પણ એટલી જ મહત્વની છે. યાત્રાળુઓની સલામતી અને સુરક્ષાને લક્ષમાં રાખી સરકારશ્રી દ્વારા નીચે મુજબની સૂચનાઓ જાહેર કરવામાં આવે છે. જેની અમલવારી કરવા જણાવવામાં આવે છે.

<u>પરમીટ સંબંધિત સૂચનાઓઃ-</u>

(૧) શ્રી અમરનાથ યાત્રા બોર્ડ દ્વારા અમરનાથ યાત્રાનો કાર્યક્રમ દર વર્ષે અંદાજે ૧લી જુન થી ૧૫ મી ઓગસ્ટ સુધીનો હોય છે. તેથી સ્વભાવિક છે કે, યાત્રાળુઓનું રજીસ્ટ્રેશન બસ ઓપરેટર અથવા ટુર ઓપરેટર દ્વારા ત્રણ-ચાર મહિના અગાઉ એડવાન્સમાં જમ્મુ અને કશ્મીર સરકાર દ્વારા માન્ય બેંકો દ્વારા સમગ્ર દેશમાંથી થતું હોય છે. તેથી સંબંધિત આર.ટી.ઓ. દ્વારા જયારે પણ પરમીટ ઇસ્યુ કરવામાં આવે ત્યારે શ્રી અમરનાથ યાત્રા બોર્ડ દ્વારા માન્ય રજીસ્ટ્રેશન ફોર્મ રજુ કર્યું હોય તેવા જ કિસ્સામાં સ્પેશીયલ પરમીટ આપવી.

(૨) જે ટુર ઓપરેટરો અથવા બસ ઓપરેટરો ઓલ ઇન્ડીયા પરમીટ ધરાવતા હોય એવા કિસ્સામાં જયારે પણ યાત્રાળુઓને લઇને અમરનાથ યાત્રાનો કાર્યક્રમ થાય તો તેમને એડવાન્સમાં શ્રી અમરનાથ યાત્રા બોર્ડ દ્વારા માન્ય રજીસ્ટ્રેશન ફોર્મ રજુ કરવું પડશે. પછી જ તે યાત્રા માટે જઇ શકશે.

(૩) પરમીટ બાબતે અત્રેથી તૈયાર કરવામાં આવેલ NIC Portal ઉપર તમામ વિગતો ઓનલાઇન અપડેટ કરવાની રહેશે. આ ઓનલાઇન વિગતમાં વાહનનો નંબર, પરમીટ નંબર, યાત્રાળુઓના નામ અને મોબાઇલ નંબર અને રહેઠાણના સરનામા, સગા-સંબંધીના નામ અને મોબાઇલ નંબર અપડેટ કરવાના રહેશે.

(૪) અમરનાથ યાત્રાની પરમીટ આપતી વખતે કોઇપણ બસ ૮ (આઠ) વર્ષ કરતાં વધારે જુની હોવી જોઇશે નહીં.

(૫) બસના દરવાજાની અંદરની સ્ટોપર બારણાંના ટોચના ભાગે ઉપરના ખૂણા ઉપર લગાવેલી હોવી જોઇશે અને સ્ટોપર મેન્યુઅલ ખુલે અને બંધ થાય તેવી હોવી જોઇશે.

(૬) અમરનાથ યાત્રાએ જવા માટેના મૂખ્ય બે માર્ગો નકકી કરવામાં આવેલ છે. ટુર ઓપરેટરે અને યાત્રાળુઓ કયા રૂટ થી કઇ તારીખે જવાના છે તેનો અંદાજીત પ્લાન આ સાથેના નમૂનામાં પરમીટ લેતી વખતે આપવાનો રહેશે. આ રૂટમાં બારતાલ રૂટ અને પહેલગામ રૂટનો સમાવેશ થાય છે.

(૭) Shree Amarnath Shrine Board (SASB) દ્વારા જાહેર કરવામાં આવેલ ઉંમર સંબંધિત સૂચના પરમીટ ઇસ્યુ કરતી વખતે પણ ધ્યાનમાં લેવાની રહેશે. જે મુજબ અમરનાથ યાત્રા માં ૧૩ વર્ષ થી ઓછા વયના અને ૭૫ વર્ષ થી વધુ વયના કોઇપણ વ્યકિતને પરમીટ માં સમાવેશ કરવો નહીં.

(૮) પરમીટ ઇસ્યુ કરતી વખતે

(એ) યાત્રા પરમીટ ઇસ્યુ કર્યાની તારીખ.

(બી) યાત્રા પરમીટ નો સીરીયલ નંબર.

(સી) યાત્રાળુઓના નામ, નંબર, ટેલીફોનની વિગત.

(ડી) યાત્રાળુઓના નજીકના સગા-સંબંધીના ફોન નંબર અને સરનામા.

(ઇ) યાત્રાનો રૂટ. (૧) બાલતાલ માર્ગે (૨) પહેલગામ માર્ગે. અનુક્રમે ગંદરબાલ જિલ્લા મારફત કે અનંતનાગ જિલ્લા મારફત.

(એફ)આર.ટી.ઓ. એ આપેલી પરમીટ, યાત્રાળુ, મોબાઇલ નંબર, ઇર્મજન્સી નંબર વિગેરેની હાર્ડકોપી  ઓફીસમાં અને નિવાસસ્થાને હાથવગી રાખવાની રહેશે. એક કોપી  પરમીટ બ્રાન્ચ ના હેડકલાર્ક ને પણ ઉપલબ્ધ કરાવવાની રહેશે. જેની ઇર્મજન્સી સમયે યોગ્ય માહિતી ની આપ-લે કરી શકાય.

(જી) બસ ઓપરેટર, ડ્રાઇવર તેમજ અન્ય સાથેની વ્યકતિનો મોબાઇલ નંબર તેમજ તેમજ બસની સાથે ન હોય તેવી ત્રીજી વ્યકિતનો પણ ફોન નંબર આપવાનો રહેશે.

(એચ) યાત્રાળુઓને બસના ડ્રાઇવર અને કંડકટરને બુલેટપ્રૂફ ઝેકેટ આપવા જોઇએ અથવા રાખવા જોઇએ.

(આઇ) બસના ડ્રાઇવરને સ્થાનિક રાજયનો મોબાઇલ નંબર આપવાનો રહેશે.

<u>ડ્રાઇવર  સંબંધિત સૂચનાઓઃ-</u>

(૧) અમરનાથ યાત્રામાં જનાર ડ્રાઇવર શારિરીક રીતે તંદુરસ્ત હોવો જોઇશે. ડ્રાઇવરની ઉંમર ૫૦ વર્ષથી વધારે ન હોવી જોઇએ. શારિરીક યોગ્યતાના પ્રમાણપત્ર માટે મેડીકલ પ્રેકટીશનરનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. ડ્રાઇવર જમ્મુ-કશ્મીર ની ભૌગોલિક પરિસ્થિતી, હવામાન, આબોહવા, રોડ-રસ્તા થી પરિચીત હોવો જોઇશે.

(૨) ડ્રાઇવર કોઇપણ સંજોગોમાં જમ્મુ-કશ્મીર એડમીનીસ્ટ્રેશન દ્વારા નકકી કરવામાં આવેલ સ્ટાન્ડર્ડ, ઓપરેશન પ્રોસીજર  (SOP) ની વિરૂધ્ધમાં કોઇ વર્તન-વ્યવહાર કરશે નહીં.

(3) જમ્મુ અને કશ્મીર સરકારે નકકી કરેલા Route, Convoy, Security અને Time મુજબ જ  વાહન ચલાવશે.

(૪) અમરનાથ યાત્રા દરમ્યાન કોઇપણ વાહન માલિક કે ચાલક જમ્મુ-કશ્મીરમાં અમરનાથ જવાના રૂટ ઉપર રાત્રી રોકાણ કરી શકશે નહીં. અને ત્યાંની સરકાર મારફત નિયત કરેલ જગ્યા ઉપર રોકાણ કરશે.

(૫) જમ્મુ અને કશ્મીર માં ત્યાંની સરકાર મારફત  રાત્રી સમય પ્રતિબંધ કરેલ રૂટ ઉપર  કોઇપણ બસ સુર્યાસ્ત બાદ મુસાફરી કરશે નહીં.

(૬) ડ્રાઇવર કોઇપણ સંજોગોમાં રાજય સરકારે પ્રતિબંધિત કરેલા સ્થળો-રૂટ ઉપર બસ યાત્રાળુઓને રોકશે નહીં કે પવિત્ર ગુફાના Base Camp પર પહોંચવા માટે નકકી કરેલ રૂટ સિવાય અન્ય કોઇપણ રૂટનો નો ઉપયોગ કરશે નહીં.

(૭) ડ્રાઇવર સલામતીના ભાગરૂપે પ્રાથમિક સારવારની કીટ, પ્રાથમિક સારવાર તાલીમ થી સુપરિચિત હોવો જોઇશે.

ઉપર મુજબની તમામ સૂચનાઓ મોટર વ્હીકલ એકટની કલમ-૬૭ અન્વયે યોજવામાં આવતી Regional Transport Authority માં તાત્કાલિક અસરથી રજુ કરી મંજુર કરાવવાની રહેશે. આર.ટી.એ. બેઠકમાં લેવામાં આવનાર એજન્ડાની વિગતો Appendix-A ઉપર સામેલ રાખેલ છે.

વાહન સંબંધિત સૂચનાઓઃ-

(૧) અમરનાથ યાત્રાએ જનાર વાહન મોટર વાહન કાયદાની તમામ પૂર્વ શરતો નું પાલન કરતું હોવું જોઇએ. એટલે કે, વાહન રજીસ્ટર્ડ, ફીટનેશ, ટેક્ષ, પી.યુ.સી., પરમીટ, ઇન્સ્યુરન્સ વિગેરે ધરાવતું હોવું જોઇએ. ડ્રાઇવર અને કંડકટર પાસે તમામ બાબતોનું હાર્ડકોપી ઉપલબ્ધ રાખવી પડશે. ચેકીંગ માટે જયારે કોઇ પણ અધિકારી માંગતી કરે તેને રજુ કરવાની રહેશે. વાહન ફર્સ્ટ એઇડ એઇડ બોકસ, અગ્નિ શામક સાધનો થી સુસજ્જ હોવું જોઇશે.

(૨) બસના લોકેશન મળી રહે તે માટે GPS Vehicle Locator બસમાં ફીટ કરેલ હોવું જોઇએ.

ઇર્મજન્સી સંબંધિત સૂચનાઓઃ-

(૧) જયારે કોઇપણ અનિરછનીય બનાવ બને ત્યારે બનાવ સંબંધિત તમામ હકીકતોની જાણ ડ્રાઇવર, કંડકટર અથવા તો યાત્રાળુ પૈકી ચાર-પાંચ ભણેલા-ગણેલા યાત્રાળુઓ પાસે ઇર્મજન્સી સંબંધિત માહિતી ઉપલબ્ધ હોવી જોઇએ. એટલે કે, જે જિલ્લાઓમાંથી યાત્રાળુઓ જતાં હોય તે જિલ્લાના, રાજયકક્ષા અને અમરનાથ યાત્રા ના કંન્ટ્રોલ રૂમના કોન્ટેકટ નંબર થી વાકેફ રાખવાના રહેશે. તેથી ટુર ઓપરેટર જયારે પણ પરમીટ લેવા માટે આવે ત્યારે આર.ટી.ઓ. દ્રારા ઉપર જણાવેલ તમામ કોન્ટકેટ નંબર ઉપલબ્ધ કરાવવાના રહેશે. જયારે પણ ઇર્મજન્સી ઉપસ્થિત થાય ત્યારે યાત્રાળુઓ કે ડ્રાઇવર કે વાહન માલિક ગુજરાત રાજયના મહેસુલ વિભાગના કંન્ટ્રોલ રૂમ ઉપર આવેલા ફોન નંબર (૦૭૯) ૨૩૨૫૧૯૦૩, ૨૩૨૫૧૯૦૦, તથા ટોલ ફ્રી નંબર (૦૭૯) ૧૦૭૦ તથા ફેકસ નંબર (૦૭૯) ૨૩૨૫૧૬૧૨ અને ૨૩૨૫૧૬૧૬ દ્રારા ગુજરાત સરકાર માં સંપર્ક કરી શકશે. અને આ તમામ નંબરો બસમાં પણ ડીસ્પ્લે કરવાના રહેશે.

તાલીમ સંબંધિત સૂચનાઓઃ-

(૧) અમરનાથ યાત્રાળુઓના બસ અને ટુર ઓપરેટર જયારે પણ ટુર નું આયોજન કરે દર વર્ષની ૧૫ મે ની આસપાસ ટુર ઓપરેટર, બસ ઓપરેટર, ડ્રાઇવર, કંન્ડકટર માટે તાલીમનું આયોજન ફરજીયાત કરવાનું રહેશે. તાલીમ કાર્યક્રમમાં નીચે મુજબ તાલીમ આપવાની રહેશે.

- ભૂતકાળમાં અમરનાથ યાત્રાની મુલાકાત લીધેલ હોય તેવા યાત્રાળુઓ ડ્રાઇવર, કંન્ડકટર મારફત અમરનાથ યાત્રાની ભૌગોલિક પરિસ્થિતી, હવામાન, આબોહવા.
- આ ઉપરાંત SASB દ્રારા દરવર્ષે યાત્રા સંબંધિત યાત્રામાં ભાગ લેનાર યાત્રાળુઓને Do's and Dont's ની ગાઇડલાઇન ઇસ્યુ કરવામાં આવે છે. જરૂરી જાણ સાથે વર્ષ ૨૦૧૭ની ગાઇડલાઇન આ સાથે સામેલ રાખેલ છે. (Appendix-C). તે મુજબ બસ ઓપરેટરો મારફત યાત્રાળુઓ, બસ કંડન્કટર અને ડ્રાઇવર ને વાકેફ કરવા વિનંતી છે. તાલીમનું આયોજન જિલ્લા વહીવટતંત્રના પરામર્શ માં આર.ટી.ઓ. કક્ષાએ કરવાનું રહેશે. આ તાલીમ કાર્યક્રમમાં પોલીસ, રેવન્યુ, આરોગ્ય અને ફુડ એન્ડ ડ્રગ્સના અધિકારીઓને સાથે રાખી તાલીમ સંબંધિત માર્ગદર્શન આપવાનું રહેશે.

વાહન વ્યવહાર કમિશ્નર
ગુજરાત રાજય, ગાંધીનગર.

નકલ સવિનય રવાનાઃ-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ, બ્લોક નં.-૨, બીજો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.
(૨) અધિક સચિવશ્રી, વાહન વ્યવહાર, બ્લોક નં.-૨, બીજો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.
(3) અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી, વાહન વ્યવહાર (રાજયકક્ષા), સ્વર્ણિમ સંકુલ-૨, નવા સચિવાલય, ગાંધીનગર.

નકલ રવાનાઃ-

(૧) કલેકટરશ્રી, તમામ.
(૨) જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, તમામ.

Appendix-A.

આર.ટી.એ. બોર્ડમાં અમરનાથ યાત્રા માટે પરમીટ સંબંધિત એજન્ડા:-

(૧) જયારે પણ પરમીટ ઇસ્યુ કરવામાં આવે ત્યારે શ્રી અમરનાથ યાત્રા બોર્ડ દ્વારા રજીસ્ટ્રેશન રજુ કર્યું હોય તેવા જ કિસ્સામાં સ્પેશીયલ પરમીટ આપવી.

(૨) જે ટુર ઓપરેટરો અથવા બસ ઓપરેટરો ઓલ ઇન્ડીયા પરમીટ ધરાવતા હોય એવા કિસ્સામાં જયારે પણ યાત્રાળુઓને લઇને અમરનાથ યાત્રાનો કાર્યક્રમ થાય તો તેમને એડવાન્સમાં શ્રી અમરનાથ યાત્રા બોર્ડ દ્વારા માન્ય રજીસ્ટ્રેશન ફોર્મ રજુ કરવું પડશે. પછી જ યાત્રા કરી શકશે.

(3) અમરનાથ યાત્રાએ જવા માટેના જમ્મુ અને કશ્મીર વહીવટતંત્ર દ્વારા મૂખ્ય બે માર્ગો નકકી કરવામાં આવેલ છે. ટુર ઓપરેટરે અને યાત્રાળુઓ કયા રૂટ થી કઇ તારીખે જવાના છે તેનો અંદાજીત પ્લાન પરમીટ લેતી વખતે આપવાનો રહેશે.

(૪) Shree Amarnath Shrine Board (SASB) દ્વારા જાહેર કરવામાં આવેલ ઉંમર સંબંધિત સૂચના પરમીટ ઇસ્યુ કરતી વખતે પણ ધ્યાનમાં લેવાની રહેશે. જે મુજબ અમરનાથ યાત્રા માં ૧૩ વર્ષ થી ઓછા વયના અને ૭૫ વર્ષ થી વધુ વયના કોઇપણ વ્યકિતને પરમીટ માં વ્યકિતનો સમાવેશ કરવો નહીં.

(૫) પરમીટ ઇસ્યુ કરતી વખતે

(એ) યાત્રા પરમીટ ઇસ્યુ કર્યાની તારીખ.

(બી) યાત્રા પરમીટ નો સીરીયલ નંબર.

(સી) યાત્રાળુઓના નામ, નંબર, ટેલીફોનની વિગત.

(ડી) યાત્રાળુઓના નજીકના સગા-સંબંધીના ફોન નંબર અને સરનામા.

(ઇ) યાત્રાનો રૂટ. (૧) બાલતાલ માર્ગે (૨) પહેલગામ માર્ગે. અનુક્રમે ગંદરબાલ જિલ્લા મારફત કે અનંતનાગ જિલ્લા મારફત. આર.ટી.ઓ.શ્રીએ અધ્યત્તન રાખવાની રહેશે.

(૬) અમરનાથ યાત્રામાં જનાર ડ્રાઇવર શારિરીક રીતે તંદુરસ્ત હોવો જોઇશે. ડ્રાઇવરની ઉંમર ૫૦ વર્ષથી વધારે ન હોવી જોઇએ. શારિરીક યોગ્યતાના પ્રમાણપત્ર માટે મેડીકલ પ્રેકટીશનરનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. ડ્રાઇવર જમ્મુ-કશ્મીર ની ભૌગોલિક પરિસ્થિતી, હવામાન, આબોહવા, રોડ-રસ્તા થી પરિચીત હોવો જોઇશે.

- ડ્રાઇવર કોઇપણ સંજોગોમાં જમ્મુ-કશ્મીર એડમીનીસ્ટ્રેશન દ્વારા નકકી કરવામાં આવેલ સ્ટાન્ડર્ડ, ઓપરેશન પ્રોસેસ (SOP) ની વિરૂધ્ધમાં કોઇ વર્તન-વ્યવહાર કરશે નહીં.
- ડ્રાઇવર અને કંડકટર નકકી કરેલા Route, Convoy, Security અને Time ના તમામ માપદંડોનું ચુસ્ત પાલન કરશે.
- ડ્રાઇવર સલામતીના ભાગરૂપે પ્રાથમિક સારવારની કીટ, પ્રાથમિક સારવાર તાલીમ થી સુપરિચિત હોવો જોઇશે.
- ડ્રાઇવર કોઇપણ સંજોગોમાં રાજય સરકારે પ્રતિબંધિત કરેલા સ્થળો-રૂટ ઉપર બસ યાત્રાળુઓને રોકશે નહીં કે પવિત્ર ગુફાના Base Camp પર પહોંચવા માટે શોર્ટકટ નો ઉપયોગ કરશે નહીં.
- અમરનાથ યાત્રાની પરમીટ આપતી વખતે કોઇપણ બસ ૮ (આઠ) વર્ષ કરતાં વધારે જુની હોવી જોઇશે નહીં.
- બસના દરવાજાની અંદરની સ્ટોપર બારણાંના ટોચના ભાગે ઉપરના ખૂણા ઉપર લગાવેલી હોવી જોઇશે અને સ્ટોપર મેન્યુઅલ ખુલે અને બંધ થાય તેવી હોવી જોઇશે.
- જમ્મુ અને કશ્મીર સરકારે નકકી કરેલા Route, Convoy, Security અને Time મુજબ જ વાહન ચલાવશે.
- અમરનાથ યાત્રા દરમ્યાન કોઇપણ વાહન માલિક કે ચાલક જમ્મુ-કશ્મીરમાં અમરનાથ થવાના રૂટ ઉપર રાત્રી રોકાણ કરી શકશે નહીં.
- અમરનાથ યાત્રા દરમ્યાન કોઇપણ બસ સુર્યાસ્ત બાદ મુસાફરી કરશે નહીં.
- યાત્રાળુઓને વ્યકિતગત ઓળખપત્ર હોવા જોઇએ. (અંગ્રેજી અને ગુજરાતી).
- દરેક યાત્રાળુ પાસે પરમીટની ઝેરોક્ષ નકલ તેમજ ઇમરજન્સીના સમયે તાત્કાલિક ધોરણે કોન્ટેક કરી શકે તેવા નંબર હોવા જોઇએ.

## Appendix-B.

## અમરનાથ યાત્રા સંબંધિત વિગત દર્શાવતું પત્રક.

બસ માલિકનું નામઃ- સરનામું- મોબાઇલ નંબરઃ-

જિલ્લોઃ-

| Sr. No. | Bus Number | Bus Permit Number | Yatra Permit Number & Date | Name, Address & Telephone Number & Mobile Number of Yatris | Name, Address & Mobile Number of Relatives of Yatris | Yatra Route |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

## Appendix-C

**Do's for the Yatris**

1. Do carry sufficient woolen clothing as the temperature may sometimes abruptly fall to below 5 degree Celsius.
2. Do carry umbrella, wind cheater, raincoat, and waterproof shoes as the weather in the Yatra area is unpredictable.
3. Do keep your clothes and eatables in a suitable water proof bag to avoid your belongings getting wet.
4. Do keep in your pocket a note containing the name / address, mobile telephone number of any Yatri proceeding for Darshan on the same date as you are doing, for emergency purposes.
5. Do carry your identity card / driving license and Yatra permit with you.
6. Do travel in a group, with porters / horses / ponies carrying your luggage.
7. Do ensure that all those comprising the group remain in your sight, lest you are separated from your group.
8. On your journey home, you must leave the Base Camps along with all other members of your group.
9. Do seek immediate assistance of the Police in case any member of your group is missing. Also have an announcement made on the Public Address System at the Yatra Camp.
10. Do help your fellow Yatris travelling with you and perform Yatra with a pious mind.
11. Do strictly follow the instructions issued by the Yatra Administration, from time to time.
12. For any assistance, contact SASB Camp Directors / nearest Yatra Control room.
13. In case of any accident or emergent situation, immediately contact the nearest Camp Director / Mountain Rescue Teams (MRTs) deployed at various locations.
14. The gates of Access Control at Domel and Chandanwari open at 05.00 am and close at 11.00 am. Reach the gates on time. No Yatri shall be allowed to undertake pilgrimage after the closure of the Gate.
15. Free food facility is available in the entire Yatra area at the Langars.
16. Do follow the prescribed Food Menu available on the Board's website: www.shriamarnathjishrine.com while having food in the Yatra area.
17. Pre-paid SIM Cards from other States shall not work in J&K and Yatra area. Yatris can purchase pre-activated SIM Cards at the Base Camps of Baltal and Nunwan.

18. Earth, water, air, fire and sky are integral parts of Lord Shiva. Therefore respect the environment and do nothing whatsoever to pollute the Yatra area.
19. Yatris are advised to start their journey early in the morning and cross Jawahar Tunnel before 3.30 PM.

Don’ts for the Yatris

1. For women Yatris: They must not wear sarees during the Yatra. Salwar kameez, pant-shirt or a track suit is advisable.
2. Women who are more than 6 week pregnant shall not be allowed to undertake the pilgrimage.
3. Children below 13 years in age and elderly persons above the age of 75 years shall not be permitted to undertake the pilgrimage.
4. Don’t stop at places which are marked by warning notices. Walk only on the tracks.
5. Don’t walk barefoot or be without woolen clothing at any time as the temperature in the Yatra area remains low and changesabruptly.
6. Don’t use slippers because there are steep rises and falls on the route to the Holy Cave. Only wear trekking shoes with laces.
7. Don’t attempt any short cuts on the route as doing so is dangerous.
8. Don’t commence journey on an empty stomach. If you do so, you may attract a serious medical problem.
9. Don’t do anything during the entire Yatra which could cause pollution or disturb the environment of the area.
10. Do not bring with you any polythene material as its use is banned in J&K and is punishable under law.
11. Avoid throwing coins, currency notes, decorative chunnis, brass lotas or any other material towards the Shivlingam while having Darshans at the Holy Cave.
12. Do not stay at Holy Cave overnight in view of high altitude and harsh and unpredictable weather conditions.
13. Do not leave Panjtarni Camp towards Holy Cave after 3.00 PM as no darshan is allowed at Holy Cave after 6.00 PM.
14. Please visit the website of the Shri Amarnathji Shrine Board and watch the informative Video documentary to get familiarized with the difficulties to be faced on the Yatra route.
15. In case of any query related to.

# યાત્રીઓ આટલું કરો

૧. પર્યાપ્ત માત્રામાં ઉનનાં વસ્ત્રો પહેરવા જોઇએ કારણ કે, ઉષ્ણતાપમાન ૫ ડિગ્રીથી ઓછું હોય છે.

૨. યાત્રા દરમ્યાન હવામાન અનઅપેક્ષિત હોય છે. આથી, છત્રી, વીન્ડસીટર, રેઇનકોટ અને વોટરપ્રુફ બુટ પહેરવા હોવા જરૂર છે.

૩. આપની પાસે રહેલા રહેલા સામાનને ભીનો થતો અટકાવવા માટે આપના કપડાં અને ખાધપદાર્થોને પાણીથી રક્ષિતબેગ (વોટર પ્રુફ બેગ) માં રાખો.

૪. આપના કિસ્સામાં નામ, સરનામું, મોબાઇલ નંબર તથા દર્શનમાટે કોઇ યાત્રાળુઓની કાર્યવાહી જે તે તારીખે ની વિગત વિગેરે રાખો. તાકીદના સંજોગોમાં આ જરૂરી છે.

૫. યાત્રા પરમીટનીસાથે આપનું ઓળખકાર્ડ અને ડ્રાઇવીંગ લાયસન્સ સાથે રાખો.

૬. ઘોડાઓ/ઘોડાવાળાઓનેસાથે લઇને એક જુથમાં મુસાફરી કરો.

૭. જૂથમાં સામેલ તમામ લોકોને આપની દ્રષ્ટિમાં/ધ્યાનમાં રહે તેની ખાત્રી કરો. કોઇ વિખૂટા ના પડે તેનું ખાસ ધ્યાન રાખો.

૮. આપના પ્રવાસના સ્થળ પર આપે આપના જૂથના અન્ય તમામ સભ્યો સાથે બેઝ કેમ્પ છોડી દેવું આવશ્યક છે.

૯. આપના જૂથના કોઇપણ સભ્યના ગુમ થયા હોય તો પોલીસની તાત્કાલિક સહાય મેળવવાની જરૂરી છે. યાત્રાની ગ્રુપ્માં સાર્વજનિક સંબોધન પ્રણાલીકા પર જાહેરાતને ફેલાવો.

૧૦. આપ અને આપના સાથી અનુયાયીઓ પવિત્ર મનથી મુસાફરી કરો અને સાથીઓને મદદ કરો.

૧૧. વહીવટીતંત્ર દ્રારા વખતોવખત આપવામાં આવતી સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરો.

૧૨. કોઇપણ પ્રકારની સહાયતા માટે નજીકના યાત્રા નિયંત્રણ ખંડના એસએબીએસ કેમ્પ ડીરેકટરનો સંપર્ક કરો.

૧૩. અકસ્માત પરિસ્થિતીના કોઇપણ કિસ્સામાં તરત જ વિવિધ સ્થળોએ તૈનાત નજીકના કેમ્પ ડીરેકટર/માઉન્ટન રેસકયૂઝ ટીમનો સંપર્ક કરો.

૧૪. ડોમેલ અને ચંદનવારી ખાતે પ્રવેશ નિયંત્રણના દ્વારા સવારે ૫ કલાકે ખૂલે છે અને સવારે ૧૧ વાગ્યે બંધ હોય છે. સમયસર દરવાજા પર પહોંચો. સમય બાદ દરવાજા બંધ થયા બાદ કોઇપણ યાત્રીને તીર્થ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

૧૫. લેંગર્સ ખાતે સમગ્ર યાત્રા સુવિધામાં મફત ભોજન સુવિધા ઉપલબ્ધ છવે.

૧૬. યાત્રા પરિસરમાં ઉપલબ્ધ વેબસાઇટ **www.shriamarnathjishrine.com** અનુસાર નિર્ધારીત ફુડ મેનુનું પાલન કરો.

૧૭. અન્ય રાજયોના પ્રિ-પેઇડ સીમકાર્ડ જમ્મુ કાશ્મીર અને યાત્રા ક્ષેત્રમાં કામ નહીં કરે. યાત્રીઓ બાલ્ટા અને નૂનવનના બેઝ કેમ્પમાં પૂર્વ સિમકાર્ડ ખરીદી શકે છે.

૧૮. પૃથ્વી, પાણી, અગ્નિ અને આકાશ ભગવાન શિવના શ્રીઅંગછે. આથી, પર્યાવરણનો આદર કરો અને યાત્રા ક્ષેત્રને પ્રદુષિત કરવા માટે બિલકુલ કશું જ કરશો નહીં.

૧૯. યાત્રીઓને સલાહ આપવામાં આવે છે કે, તેઓ તેમની યાત્રાની શરૂઆત વહેલીસવારના ૩-૩૦ કલાક પહેલાં જવાહર ટનલ થી કરે.

# યાત્રીઓ આટલું ના કરશો

૧. મહિલા યાત્રીઓ યાત્રા દરમ્યાન સાડી પહેરવી નહીં. સલવાર કમિઝ, પેન્ટ-શર્ટ અથવા ટ્રેક શુટ પહેરવા સલાહભર્યું છે.

૨. ૬ અઠવાડિયાથી વધારે સમય થયો હોય તેવી ગર્ભવતી મહિલાઓને યાત્રા શરૂ કરવાની મંજૂરી આપવાની આવશે નહીં.

૩. ૧૩ વર્ષની નીચેના ઉંમરના બાળકો અને ૭૫ વર્ષ થી વધુ વય ધરાવતી વ્યકિતઓને યાત્રા શરૂ કરવાની પરવાનગી આપવામાં આવશે નહીં.

૪. ચેતવણીદરકે સૂચનાઓ દ્વારા ચિહ્ન કરવામાં આવલ સ્થળો ઉપર થોભો નહીં. ટ્રેક પર ચાલો.

૫. ઉઘાડા પગે ચાલશો નહીં અથવા વુલન કપડાં વગરના રહેશો નહીં. કારણ કે યાત્રા ક્ષેત્રમાં તાપમાન ઓછું રહે છે અને અચાનક ફેરફાર થાય છે.

૬. ચંપલનો ઉપયોગ કરશો નહીંકારણ કે પથરીલા ચઢાણ છે, પવિત્ર ગુફાના માર્ગ પર પડે છે, ફકત લેસીસ સાથેના ટ્રેકીંગ જુતા પહેરો.

૭. કોઇપણ ટૂંકા રસ્તા ઉપરથી જવાનો પ્રયત્ન નહીં કરશો કારણ કે આવું કરવું ખુબ જોખમી છે.

૮. ખાલી પેટે મુસાફરી કરવાનો પ્રયત્ન નહીં કરશો કારણ કે તેમ કરવાથી આપ ગંભીરતબીકી સમયસ્યાને આમંત્રિત કરી રહયાં છો.

૯. સમગ્ર યાત્રા દરમ્યાન કોઇપણ પ્રદુષણ થાય અથવા વાતાવરણ બગડે તેવું કૃત્ય ના કરો.

૧૦. આપની સાથે કોઇપણ પોલીથીન સામગ્રી લાવશો નહીં જેનો ઉપયોગ જમ્મુ-કાશ્મીરમાં પ્રતિબંધિત છે અને કાયદા હેઠળ સજાને પાત્ર છે.

૧૧. પવિત્ર ગુફામાં શિવલિંગના દર્શન કરીને તેની તરફ કોઇપણ સામગ્રીના સિકકા, ચલણી નાણું, બ્રાસલોટસને નાંખશો નહીં.

૧૨. ખૂબ ઉંચી ઉંચાઇ અને અનિશ્ચિત હવામાનની સ્થિતીને ધ્યાનમાં રાખીને ગુફામાં રાતવાસો કરી શકાશે નહીં.

૧૩. પંચતર્ણી શિબિરને બપોરના ત્રણ વાગ્યા પછી પવિત્ર ગુફા તરફ જવા માટે છોડશો નહીં કારણ કે સાંજના ૬ વાગ્યા પછી પવિત્ર ગુફામાં કોઇ દર્શનની મંજૂરી નથી.

૧૪. કૃપા કરીનેસોશ્રી અમરનાર્થ તીર્થ બોર્ડની વેબસાઇટની મુલાકાત લો અને માહિતીપ્રદ વિડીયો દસ્તાવેજી ચિત્રને નિહાળો કે જેથી દસ્તાવેજના યાત્રાના માર્ગ પર સામનો કરવા માટે મુશ્કેલીઓનો પરિચય થઇ શકે.